

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ઈશ્વરની આડમાં એ પાખંડના ખેલ ખેલે છે,*
*ધર્મને બાનમાં લઈ એ અગન-ખેલ ખેલે છે,*
*જીવે ઐયાશી જિંદગી 'સાધુત્વ'નો અંચળો ઓઢી*
*શ્રદ્ધા-વિશ્વાસ, નગ્ન કરી, ભક્તિનો ખેલ ખેલે છે...*
*(જયશ્રી સાધ્વી માતા!)*

### હાઈકુ

*આગાહી હતી,*
*પણ ગાજ્યા પ્રમાણે -*
*વરસ્યા નહીં!!*
*(જેટલી-બજેટ)*

*દીધો છે પગ*
*આતંકી પૂંછ-પર*
*મારે ફૂંફાડો!*
*(હાફિઝ નો બફાટ)*

### ચિંતન

*તબ મારીચ હૃદયં અનુમાના, નવહિ બિરોધેં નહિ કલ્યાના ।*
*સસ્ત્રી, મર્મી પ્રભુ સઠ ધની બૈદ બંદિ કલિ ભાનસ ગુની ॥*

ઉપરોક્ત ચોપાઈ અરણ્યકાંડમાંથી લેવાયેલ છે.

મારીચે મનમાં અનુમાન કર્યું કે નવ વ્યક્તિઓ સાથે વિરોધ કરવાથી કલ્યાણ થતું નથી. (૧) શસ્ત્રધારી (૨) ભેદ જાણનાર (૩) સમર્થ સ્વામી (૪) શઠ (૫) ધનવાન (૬) વૈદ (૭) ભાટચારણ (૮) કવિ (૯) રસોઈઓ.

રામચરિત-માનસમાં સંત તુલસીદારજીએ 'રાક્ષસો'ની જીભ પર ઉમદા વિચારમોતી મૂકી જ્ઞાનિ કણિકાની જીભ શોભાવી છે, રાવણ, રાક્ષસ મિત્ર મરીચને કહેવા જાય છે કે સીતાના અપહરણમાં મદદરૂપ થવા તું સુવર્ણનો મૃગ બન. મરીચે પોતાનો અનુભવ કરી રામનો વિરોધ ન કરવા સલાહ આપી. ત્યારે રાવણ ગુસ્સે થયો. મારી નાખવાની ધમકી આપી - ત્યારે મરીચે મનમાં જે વિચાર્યું તે આ ચોપાઈ છે. નવ પ્રકારના લોકોનો વિરોધ ન કરવો.

### સુવિચાર

- ધ્યેયની સ્પષ્ટતા ગતિને સાર્થક કરે છે - **પ્રદ્યુમન સૂરી મહારાજ**
- સીડીની ટોચે પહોંચેલ વ્યક્તિએ સીડીના પ્રથમ પગથિયાંનો હાર્દિક ઋણ સ્વીકાર કરવો જોઈએ - **ધર્મલોક**
- દુન્યવી જવાબદારીઓના ભારને હળવો કરવા માટે ધ્યાન એ શ્રેષ્ઠ ઉપાય છે - **યોગવિજ્ઞાન**
- સાચા અર્થમાં યોગ એટલે માનવ અને ઈશ્વરને ભેગા કરનાર ક્રિયા - **પતંજલિસૂત્ર**
- અહં ને ગૌણ કર્યા વિના ક્ષમા માગી શકાતી નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- પ્રભુનું સામ્રાજય પ્રેમ દ્વારા સર્જાય છે, તે ચિત્તની નમ્રતાથી આવે છે - **ડો. પ્રણવ પંડ્યા**
- આજનું ઓષધ : એકોતરા તાવ, ડેન્ગ્યુ, ચિકનગુનીયામાં તાજી ગળો વાટીને તેનો રસ ૨ ચમચી ૪ વખત પાણી સાથે લેવાથી રાહત થાય છે. **(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

આજકાલ અધિકારીને મળેલી સરકારી ગાડી, શાક માર્કેટ, બાળકોને સ્કૂલ લેવા મૂકવા, પ્લોટનું મકાન બાંધકામ નિરીક્ષણ કરવા, બાગ-બગીચા-મંદિરોની આસપાસ ભટકતી વધારે જોવા મળે છે. સાહેબો-નેતાઓ તો પિતાશ્રીનો વારસો સમજીને જ વાપરે છે.

બનારસ હિંદુ વિશ્વ વિદ્યાલયના કુલપતિ અને આચાર્ય નરેન્દ્ર દેવ એક રાષ્ટ્રભક્ત અને કર્તવ્યનિષ્ઠ સરકારી અધિકારી હતા.

એકવાર તેઓ વારાણસીની હોસ્પિટલમાં કોઈ અંગત સંબંધીની તબિયતના ખભરઅંતર પૂછવા ગયા. રિક્ષાવાળાને પૈસા આપતા હતા ત્યાં એક સંબંધી તેમને જોઈ ગયા. પૂછ્યું કેમ, તમે રિક્ષામાં આવ્યા ? ગાડી તો છે ને?!

નરેન્દ્ર દેવ કહે 'એ સરકારી કામ માટે મળેલી સરકારી ગાડી છે, અત્યારે હું મારા અંગત કામે અહીં આવ્યો છું.'

# ઈસ્લામિક વિશ્વમાં મચેલી હલચલ

**તંત્રીસ્થાનેથી...**

ઈસ્લામિક વિશ્વ સામે અમેરિકાના નવા કર્ણધાર ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા જાહેર કરાયેલ પ્રતિબંધાત્મક આદેશોની વ્યાપક પ્રતિક્રિયા સરજાવા પામી છે. અત્યાર સુધી પાકિસ્તાન એણે પાળેલા-પોષેલા કટ્ટર આતંકવાદીઓ પ્રત્યે પક્ષપાત દાખવતું રહ્યું હતું, પરંતુ ટ્રમ્પ શાસનની કડકાઈ હેઠળ જેની સામે ઓબામા શાસનકાળથી એક કરોડ ડૉલરનું ઈનામ જાહેર કરાયેલ છે તેવા મુંબઈ બ્લાસ્ટના માસ્ટર માઈન્ડ હાફિઝ સઈદને પાકિસ્તાન સરકારે નજરકેદ રાખવાનો હુકમ કરવો પડ્યો છે, એટલું જ નહિં, બલકે હાફિઝ સઈદને સરહદ પર આગ ઓકાવતા કાર્યક્રમો કરવામાં અને ઘૂષણખોરોને તૈયાર કરતા શિબિરો ચલાવવામાં મદદરૂપ થતા પાક આર્મીએ પણ એને પારકો ગણવાનું વલણ અપનાવવું પડ્યું છે. ભારત સરકાર પાસે પાક સરકાર અને સેનાએ હાફિઝ સઈદ વિરુદ્ધ વધુ નક્કર પુરાવા ઉપલબ્ધ કરાવવાની માગણી પણ દોહરાવી છે. જો કે ભારત સરકારે અત્યાર સુધી હાફિઝ સઈદ વિરુદ્ધ મોકલાવી આપેલ દસ્તાવેજો એની આતંકી પ્રવૃત્તિઓમાં સંડોવણીને સાબિત કરવા માટે પૂરતા જ છે, છતાં પાકિસ્તાને ટ્રમ્પ શાસનની સામે પોતાની ઈમાનદાર છબી ઉપસાવવાનું આવું નાટક કરવું પડ્યું છે. ટ્રમ્પે ઈસ્લામિક દેશો સામે લાલ આંખ કરી ત્યારે પાકિસ્તાનને અમેરિકાનું જૂનું દોસ્ત ગણાવ્યા છતાં પાક પ્રવાસીઓને આતંકવાદીઓ જેટલી જ કડકાઈપૂર્વક તપાસ્યા પછી પ્રવેશ અપાશે એવી ચીમકી તો આપી જ હતી. ટ્રમ્પ શાસન સામે અદાલતી આદેશો મેળવવાની વિવિધ સ્તરે પેરવીઓ થઈ રહી છે અને યુદ્ધગ્રસ્ત ઈસ્લામિક દુનિયાના શરણાર્થીઓને આશ્રય આપવા માટે દબાણ કરાઈ રહ્યું છે. આવું જ દબાણ કરતી વાત ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન સાથેની વાતચીત દરમિયાન આવી ત્યારે ટ્રમ્પે ગુસ્સે થઈને ઓસ્ટ્રેલિયન નેતા સાથેનો ફોન કાપી નાખ્યો હોવાના સમાચાર સૂચક છે. અમેરિકાએ લાદેલ પ્રતિબંધ પછી ઈસ્લામિક દેશોના શરણાર્થીઓ એ રોજગારવાંચ્છુ સમુદાય કુવૈત જેવાં ખાડીનાં રાષ્ટ્રો તરફ વળે તેવી સંભાવનાને પગલે કુવૈત સાવધ થઈ ગયું છે. એણે પાણી તેમજ પહેલાં પાળ બાંધી દીધી છે અને આવા શરણાર્થીઓ સામે તેમ જ પાક પ્રવાસીઓ વિરુદ્ધ પ્રવેશબંધી ફરમાવી છે. અત્યાર સુધી તેલના કૂવાઓને કારણે અમેરિકા માટે અનિવાર્ય બની રહેલા ઈસ્લામિક દેશોની દોસ્તી વિરુદ્ધ ટ્રમ્પ શાસનના કડક અભિગમને કારણે નવી જ સમસ્યા સરજાવા પામી છે. એમાં જેમનું અર્થકારણ તે જ રાષ્ટ્રીય વજૂદ અમેરિકા પર આધારિત છે તેવાં સમૃદ્ધ રાષ્ટ્રો અને યુદ્ધગ્રસ્ત તથા આતંકવાદને પોષતાં પાકિસ્તાન જેવાં રાષ્ટ્રો માટે ટ્રમ્પ શાસન એક દુ:સ્વપ્ન સમું પુરવાર થશે, બલકે ઈસ્લામિક રાષ્ટ્રોમાં અંદરોઅંદર ભાગલા તથા વૈમનસ્ય જેવી સ્થિતિ સરજાશે, એવી સંભાવના નકારી શકાય એમ નથી. ટ્રમ્પ એમના વિદેશમંત્રી તરીકે પુનિતના વિશ્વાસુની નિમણૂક કરી રહ્યા છે તે જ શું સૂચક નથી ?

# દેશની સુવ્યવસ્થાની કસોટી કરોડપતિઓની સંખ્યાથી નહીં પરંતુ આમ જનતામાં ભૂખમરો ન હોય એ છે



## ગાંધી ૧૦૦

ડો. રાજેન્દ્ર જાની

સમાજના પ્રશ્નો સમજવામાં ગાંધીનું ગણિત અને સચ્ચાઈનું રટણ સટીક હતું. ગાંધી અત્યંત મિતભાષી હતા તો સારા શ્રોતાપણ હતા. ડૉ. બાબાસાહેબ આંબેડકર હોય કે ચર્ચિલ હોય કે પોતાના સૌથી મોટા પુત્ર હરિલાલ ગાંધી સાથે વાતચીત હોય એ સૌમ્ય ભાષામાં પણ પોતાની સાચી વાતને વળગી રહેતા હતા. આમ તો ગાંધી વિશે અને ગાંધીની વાત વિશે સતત એમ ભલે કહેવાતું હોય કે કોશિયાની ભાષામાં એટલે કે સરળ શબ્દોમાં તેઓ વાત કરતા હતા. પણ આ લયમનારનો અનુભવ એવો પણ રહ્યો છે કે ગાંધીની ઘણી બધી વાતો બે વાર વાંચવી પડે. વિચારવાની વાત તો બે વાર વાંચ્યા પછીની છે!

**જે ભૂખ્યો છે એના માટે રોટલો એ જ ઈશ્વર છે**

ગાંધીએ પોતાની વાત કરીને સત્યના પ્રયોગો જનસમુદાય સમક્ષ મૂક્યા હતા. તેમને જયારે પોતાની સઘળી માલમિલ્કતનો ત્યાગ કર્યો ત્યારે તેમણે એમ કહ્યું હતું કે, માલમિલ્કતના મારા ત્યાગ બદલ.. દુનિયા મને હસી શકે છે. મારા માટે તો એ ત્યાગ નક્કર ફાયદો નીવડ્યો છે. લોકો મારા સંતોષની બાબતમાં મારી સાથે હરિફાઈ કરે એમ હું ઈચ્છું છું. એ મારો સૌથી કિંમતી ખજાનો છે. એટલા માટે, એમ કહેવું કદાચ સાચું છે કે ગરીબાઈનો ઉપદેશ આપતો હોવા છતાં હું ધનિક માણસ છું!

ગાંધી લખે છે : કારમી ગરીબાઈમાંથી નૈતિક અધ:પાત સિવાય બીજું કંઈ સંભવી શકે, એવું કોઈએ કદી પણ કહ્યું નથી. પ્રત્યેક માનવીને જીવવાનો, અને તેથી કરીને, પોતાના ઉદરપોષણ માટે અને જરૂર હોય ત્યાં પોતાનાં કપડાંલત્તાં અને રહેઠાણ માટે રોજી મેળવવાનો હક્કક છે. પણ આ અતિશય સીદાસાધા કાર્ય માટે આપણને અર્થશાસ્ત્રીઓની કે તેમના કાયદાઓની મદદની જરૂર નથી.

'આવતી કાલની ચિંતા ન કરો' એ આદેશનો પડઘો આપણને દુનિયામાં લગભગ બધા ધર્મશાસ્ત્રોમાંથી સાંભળવા મળે છે. સુવ્યવસ્થિત સમાજમાં પોતાના જીવન નિર્વાહ માટે રોજી મેળવવાનું દુનિયામાં સહેલામાં સહેલું હોવું જોઈએ, અને એમ જાણવાનું મળે છે પણ ખરું એમ ધર્મશાસ્ત્રોના હવાલો ટાંકતા ગાંધી કહે છે, દેશની સુવ્યવસ્થાની કસોટી તેમાં કેટલાં કરોડપતિઓ છે એ નહીં પણ તેની આમજનતામાં ભૂખમરો ન હોય એ છે.

અહિંસાનો વિચાર કોરાણે નહીં મૂકનાર ગાંધી કહે છે તંદુરસ્ત માણસે પ્રમાણિકપણે મજૂરી કરીને રોટલો રળ્યો હોય તે સિવાય તેને મફત ભોજન આપવાની કલ્પના સાંખી શકતો નથી. સત્તાનો કે સત્તાધીશ બનવાનો કયારેય વિચાર સુધ્ધાં નહીં લાવનાર મહાત્મા ગાંધી મજૂરી સિવાય મફતના રોટલા મેળવવાની માનસિકતા સામે આત્યંતિક સ્વરમાં કહે છે, 'જો મારી પાસે સત્તા હોય તો મફત ભોજન આપનારાં બધાં સદાવ્રતોને હું બંધ કરાવી દઉં.' મહેનત-મજૂરી વગર ભોજન આપવાની વસ્તુએ રાષ્ટ્રની અવનતિ કરી છે અને તેણે પ્રમાદ, આળસ, દંભ અને ગુનાને ઉત્તેજન આપ્યું છે એવું તેમનું સ્પષ્ટ માનવું હતું.

કવિઓના કવિતો અને ભજનિકો ભજન ગાઈને દુ:ખથી પીડાતા દરદીઓ શાંતિ આપી શકાતી નથી. તેમ જેમને અનાજની જરૂર હોય તેમને માટે શાતા આપવા માટે કાવ્યની આશ હોય તો તે આશા અનાજની જ હોય એ સિવાય નહીં. અને સમાજની ભેટ થઈ શકે નહીં એ તો દરેક કામ કરી શકનારે કમાવું જોઈએ. એ સમયે ૩૦ કરોડ લોકોને કામ મળતું નહીં એવા અહેવાલોને આધારે તેઓ કહે છે, કરોડો લોકોને કામ મળતું ના હોય ત્યારે તેમની સામે ઈશ્વરનું નામ સ્મરણ તેમની પાસે કરાવવાની મારી હિંમત નથી કારણ કે એક ટંકનો રોટલો જ તેમના માટે ઈશ્વર છે. જો તેમની પાસે ઈશ્વરનો સંદેશો મારે લઈને જવાનો હોય તો પવિત્ર પરિશ્રમનો સંદેશો લઈને જ જવો જોઈએ.

ગાંધી ઉદાહરણ ટાંકતા કહે છે, આપણે મજાનો નાસ્તો લઈને આપમે બેઠા હોઈએ અને એથી પણ મજાના ભોજનની રાહ જોતા બેઠા હોઈએ એ વખતે ઈશ્વરની વાત કરવી એ ઠીક છે. પણ જે કરોડોને બે ટંક ખાવાનું પણ નથી મળતું તેમને ઈશ્વરની વાત શી રીતે કરવી? એમને તો ઈશ્વર રોટલા ને ઘી રૂપે જ દર્શન થઈ શકે એમ કહી ગાંધી થોડામાં ઘણું સમજાવે છે

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

# વાવાઝોડાં કાળના વાશે : તે દી બાપુ તારી વાટ જોવાશે



## ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

પાંખ રે ઢાળીને હંસો પોઢિયો,
ધોળો ધોળો ધરણીને અંક
કરુણા આંજી રે એની આંખડી
રામની રટણા છે એને કંઠ
રુધિરે રંગાયો હરિનો હંસલો !

કવિ બાલમુકુન્દ દવેએ જેની ઓળખ 'હરિના હંસલા' તરીકે આપી છે તેની અણધારી વિદાયથી સમગ્ર વિશ્વ હચમચી ઊઠ્યું. આ કાર્ય જેના થકી થયું હોય તે કવિને માનવજાતનો અપરાધી લાગે છે. વિશ્વના અગણિત લોકોનો મત પણ આવોજ હતો. ગાંધી નામના આ વિશાળ વટવૃક્ષની શિળી છાયા જગતના તમામ દૂભ્યા – દબાયેલાને શિતળ છાંયડીનો અનુભવ કરાવે તેવી હતી. આથી આ ખોટ કોઇ એક દેશ કે પ્રદેશની નહિ પરંતુ સમગ્ર માનવજાતની હતી તેવું કવિનું અવલોકન યથાર્થ છે. આવું મહાન કાર્ય કરનાર ગાંધીનો વિવેક તો જૂઓ ! પોતાને અપૂર્ણ કહેવડાવીને 'હરિજનબંધુ' ના જુલાઇ-૧૯૪૦ ના અંકમાં લખે છે :

''ઇશ્વરે મારા જેવા અપૂર્ણ મનુષ્યને આવા મહાપ્રયોગ માટે કેમ પસંદ કર્યો હશે ? મને ભાસે છે કે પરમાત્માને હિન્દુસ્તાનના કરોડો મૂંગા, અજ્ઞાન ગરીબો માટે કામ લેવું હતું. આથી તેણે મારા જેવા અપૂર્ણને પસંદ કર્યો. પૂર્ણ પુરુષને જોઇને એ (ગરીબ-અજ્ઞાન લોક) બાપડાં કદાચ મૂંઝાઇ જાત. પોતાની જેમ ભૂલો કરનારા એવા મને જોઇને તેમને પણ વિશ્વાસ બેઠો કે તેઓ પણ મારી જેમ પોતાની ભૂલો સુધારી શકે છે અને આગળ વધી શકે છે.''

ગાંધીજીના પોતાના વિશાળ લખાણો ઉપરાંત આપણાં ગદ્ય અને પદ્યમાં ગાંધી વિશે ખૂબ લખાયું છે. ગાંધી ખૂબ વંચાયા અને ચર્ચાયા છે. ગાંધીની આત્મકથાનું ભાષાંતર જગતની અનેક ભાષાઓમાં થયેલું છે. આવા ગાંધીનું શબ્દચિત્ર આલેખતા લોકકવિ લખે છે :

નાના બાળક જેવો હૈયે લેરીલો,
એરૂમાં આથડનારો,
કૂણો માખણ જેવો સાદો ને સોયલો,
કાળને નોતરનારો,
મોભીડો મારો ઝાઝી વાતું નો જાણનારો.

ગાંધીજીના વ્યક્તિત્વનો એક મહત્વનો હિસ્સો તેમના બાળસહજ અને લહેરી સ્વભાવનો હતો. ગાંધીજી બાળકોના મિત્ર હતા તેની પ્રતિતિ અનેક ચિત્રો અને કથાઓ પરથી થયેલી છે. ઉપરની પંક્તિઓમાં કવિ કાગ લખે છે તેમ આ બાળસહજ સ્વભાવ ધરાવતા ગાંધી સમય આવે ત્યારે કાળને પણ નોતરી બેસનારા હતા.

એક જોધ્ધો એવો જાગીઓ રે
એણે સૂતો જગાડ્યો કાળ
પગ પાતાળે ને શિશ આકાશે
હાથ પહોંચ્યા દિગપાળ્
માતાજીની નોબતું વાગે છે
સૂતા સૌ માનવી જાગે છે.
કાંઇ સૂઝે નહિ કોઇને એવો
ધુમ્મસે ગોટાગોટ,
ધીંગડા હાથી ધ્રૂજવા લાગ્યા ત્યાં
દૂબળે દીધી દોટ...

લોર્ડ માઉન્ટબેટને ગાંધીને ''વન મેન આર્મી'' તરીકે ઓળખાવ્યા હતા. જે કપરા કાર્યની જવાબદારી કોઇ સેનાનાયક પણ ન લઇ શકે તેવું કાર્ય કરવા માટે આ ગાંધી નામધારક દૂબળા દેહે સ્વેચ્છાએ દોટ દીધી હતી. કલકત્તા હોય કે નોઆખલી હોય – ગાંધીજીએ ભિષણ સ્થિતિની બરાબર વચ્ચે જઇને સદભાવનાનો દીપક પ્રગટાવ્યો હતો. દેશ જયારે આઝાદીનો ઉત્સવ મનાવતો હતો ત્યારે બાપુ ભયગ્રસ્ત લોકોને નિર્ભયતાનો સંદેશ આપવા દેશના પાટનગરથી માઇલો દૂર ભ્રમણ કરતા હતા. ગાંધીજીને પોતાના ભગવાનના દર્શન કવિગુરુ ટાગોરે ગાયું છે તેમ રંક તથા પતિતોમાં થતાં હતાં.

ચરણ આપના ત્યાં વિરાજે
ચરણ આપનાત્યાં
સૌથી દલિત સૌથી પતિત
રંકના ઝૂંપડા જ્યાં
પાછામાં પાછા નીચામાં નીચા
દૂબળા બાપડાં જ્યાં
વિરાજે ચરણ આપના ત્યાં.

કવિ ઉમાશંકર જોશીએ ''જીવનના કલાધર'' ગાંધીને કંગાળની હાયથી ભીંજાયેલા કહ્યા છે.

અંગો બધા સંયમથી રસેલાં
કંગાળની હાય થકી ભીંજેલાં
લંગોટીમાં કાય લઇ લપેટી
ચાલે પ્રભુપ્રેરિત પ્રેમમૂર્તિ.

ગાંધીજીની હત્યાથી ગાંધી વિચારની હત્યા થતી નથી તે વાત ભાગ્યેજ કરવાની હોય. ગઇકાલે તથા આજે પણ વિશ્વના અનેક ભાગોમાં અનેક લોકો તથા લોકનેતાઓએ ગાંધી વિચારમાંથી પ્રેરણા મેળવીને પોતાનું જીવન કાર્ય નક્કી કરેલું છે. સત્યને અનુસરીને વિશ્વમંગળના માર્ગેપ્રયાણ કરનારાનો નિરંતર પ્રેરણાસ્ત્રોત ગાંધી અને ગાંધી વિચાર રહેલા છે. કવિ હસિત બૂચે લખ્યું છે તેમ સત્યમાર્ગના પથિકને ગાંધી હમેશા યાદ આવશે – પ્રેરણા પૂરી પાડતા રહેશે.

સતને મારગ જાનારાંને
યાદ આવશે ગાંધી
પ્રેમ-પરબ જળ પાનારાંને
સાથ આપશે ગાંધી
ધરધર મંગળ ભરનારાંને
યાદ આવશે ગાંધી
મહેનત મનભર કરનારાંને
છાંય આપશે ગાંધી.

ગાંધીજીએ જીવનના દરેક તબક્કે સત્યની પ્રતિષ્ઠા થાય તેવા નિર્ણયો કરેલાં છે. કવિ કરસનદાસ માણેકે લખ્યું છે :

સત્યનું કાવ્ય છો બાપુ,
કાવ્યનું સત્ય છો તમે !

ગાંધીજીના શારીરિક દેખાવને – છોટી હસ્તી – તરીકે ઓળખાવી કવિ પ્રદીપજીએ આ લંગોટી ધારણ કરનાર દૂબળા-પાતળા દેહની વિશાળ મૂર્તિના દર્શન પોતાની ઢબે કરાવેલા છે.

મનમેં થી અહિંસા કી લગન તનપે લંગોટી
લાખોં મેં ઘુમતા થા લિએ સત્યકી સોટી,
વૈસે તો દેખનેમેંથી હસ્તી તેરી છોટી,
લેકિન તુઝે ઝુકતીથી હિમાલય કી ભી ચોટી,
દુનિયામેં થા બેજોડ તું ઈન્સાન બેમિસાલ !
સાબરમતીકે સંત તુંને કર દિયા કમાલ.

ગાંધીજીનો નશ્વર દેહ આપણી વચ્ચે નથી. પરંતુ ગાંધી વિચારનું અજવાળું આજે પણ માનવજાતની મંગળમય યાત્રા માટે પ્રેરણા આપી શકે તેવું છે. '' સાદું જીવન અને ઉચ્ચ વિચાર '' નો આદર્શ આજે પણ સમાજ માટે પ્રાસંગિક છે. આપણી દ્રષ્ટિ અને નિષ્ઠા જો ગાંધી વિચારમાં દ્રઢ થયેલી હોય તો આ વિચારો આજે પણ પૂર્ણત: દિશાદર્શક છે. જાન્યુઆરી માસમાં ગાંધી નિર્વાણ દિને ફરી આ દિશામાં નિરક્ષિરનો વિવેક રાખીને જોવા જેવું છે. ગાંધીજીનું જીવન એ એક ભવ્ય તથા ઉજ્વળ અસફળતાની કહાની છે તેવું નારાયણભાઈ દેસાઈ કહેતા. પરંતુ પછી ઉમેરતા કે ગાંધીજીવનના પ્રયોગોનો વિષયજ એટલો ઉદાત હતો કે તેની અસફળતા પણ ઊંચે ચડાવનારી બની જતી હતી. ગાંધીની સ્મૃતિને વંદન કરવાનો અને શક્તિ પ્રમાણે તેમના પગલે ડગલા ભરવાનો પ્રયાસ કરવા માટે નિર્ધાર કરવાનો આ સમય છે.

# ગાંધીનગર સાહિત્ય સભા પુસ્તક પ્રકાશિત કરશે



## સાહિત્ય વૃત્ત

મૂળજીભાઈ પરમાર 'દધિ'

ગાંધીનગર સાહિત્યવૃત્ત

● ગાંધીનગર સાહિત્યસભાના વાર્ષિકોત્સવ પ્રસંગે સાહિત્યિક પરિસંવાદનું આયોજન કરવામાં આવનાર છે. આ વાર્ષિકોત્સવ પ્રસંગે ગાંધીનગર સાહિત્યસભાના સર્જકોની લઘુકથા, ગીત-ગઝલ-કાવ્યનું એક સંપાદિત પુસ્તક પ્રકાશિત કરવાનું આયોજન પણ કરવામાં આવ્યું છે. ગાંધીનગર સાહિત્યસભાના સૌ સભ્યોને એમની ગીત-ગઝલ-કાવ્યની કૃતિ; લઘુકથા (૫૦૦ શબ્દોની મર્યાદામાં) કિશોર જીકાદરા - મો. ૯૮૭૯૪૭૫૧૩૦, પ્રજ્ઞાબેન પટેલ - મો. ૯૮૨૫૪૩૮૩૯૪ અને રમણ વાઘેલા - મો. ૯૯૭૮૪ ૪૦૬૧૬, ને તા. ૮ ફેબ્રુ. ૨૦૧૭ સુધીમાં રૂબરૂમાં મળી જાય તે રીતે પહોંચતી કરવી; ત્યારબાદ આવેલી કૃતિ માન્ય રહેશે નહીં. દરેક સર્જકે કૃતિની એક નકલ; સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે કાગળની એકબાજુ લખાયેલ કે ટાઈપ કરાયેલ નકલ મોકલી આપવાની રહેશે.

● પ્રકાશ પંડ્યા લિખિત, મહાભારતની કથા પર આધારિત વિચારોત્તેજક નવલકથા 'હવે તો ઉત્તર આપો કૃષ્ણ'ની ચોથી આવૃત્તિના પ્રકાશ નિમિત્તે, જાણીતા સાહિત્યકાર અને અભ્યાસુ ડૉ. દિનકર જોષીના અધ્યક્ષસ્થાને શ્રેયસ હોલ, વડોદરા ખાતે એક સંગોષ્ઠિ કાર્યક્રમ યોજાઈ ગયો, જેનાં આરંભમાં ઉદ્‌ઘોષિકા અરુણાબેન ચોકસીએ સર્વેને આવકાર્યા બાદ મકરંદ મૂસળેએ ભૂમિકા બાંધી હતી. મુખ્યવક્તા - નવલકથાકાર અને વિચારક કાજક ઓઝા વૈદ્યએ કૃષ્ણના પાત્રને કેન્દ્રમાં રાખી અભ્યાસપૂર્ણ વકતવ્ય આપ્યું હતું. ડૉ. દિનકર જોષીએ મહાભારતના કૃષ્ણ અને મુખ્ય સ્ત્રીપાત્રોને કેન્દ્રમાં રાખી વકતવ્યમાં આપ્યું હતું અંતે તબીબ - સાહિત્યકાર ડૉ. પ્રદીપ પંડ્યાએ આભારદર્શન કર્યું હતું.

● જૂનાગઢમાં 'આદ્યકવિ નરસિંહ મહેતા સાહિત્યિનિધિ ટ્રસ્ટ દ્વારા; સુપ્રસિદ્ધ ગઝલકાર જલન માતરીને 'નરસિંહ મહેતા એવોર્ડ' પૂ. સંત મોરારિ બાપુના વરદ્ હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે પૂ. બાપુએ કહ્યું કે કવિને બિરદાવવા માટે 'પ્રિત' આપવી જોઈએ. જલન માતરીને એવોર્ડ અને ધનરાશિ આપવામાં આવી તે 'પ્રિત' છે. કવિ અને ગઝલકાર રાજેશ વ્યાસ 'મિસ્કીન' વિશેષ વકતવ્ય આપ્યું હતું. આ એવોર્ડ વિતરણ પ્રસંગે પ્રણવ પંડ્યા, લાભશંકર પુરોહિત, રાજેન્દ્ર શાહ, હેમંત નાણાવટી, પૂર્ણિમાબેન ખંડેરિયા ઉપસ્થિત રહ્યા હતા.

● વીસમી સદીના અંતિમ દાયકામાં ગઝલક્ષેત્રે પ્રવૃત્ત ગઝલકારોમાં હર્ષ બ્રહ્મભટ્ટ એમની આગવી રચનારીતિથી અન્ય ગઝલકારોથી જુદા પડે છે. ગઝલ સાથે અન્ય કાવ્ય પ્રકારોમાં પણ એમણે બહુધા ખેડાણ કર્યું છે. ગુજરાતી સાથે એમણે ઉર્દૂ પણ ગઝલ સર્જન કર્યું છે. 'કંદિલ', 'સરગોશી', 'મેરા અપના આસમાં', 'ખામોશી હૈ ઈબાદત', 'મંઝિલો કો હટાકે ચલતે હૈ' એમના ઉર્દૂ કાવ્યસંગ્રહોને તેમને શયદા એવોર્ડ; દિલીપ મહેતા પારિતોષિક; ગુજરાત ઉર્દૂ સાહિત્ય અકાદમીનો ગૌરવ પુરસ્કાર;કલાપી એવોર્ડ; ઉમા સ્નેહરશ્મિ પારિતોષિક પ્રાપ્ત થયેલાં છે. તેમને તા. ૨૦-૧૦-૨૦૧૬ના રોજ 'કુમાર ચંદ્રક-૨૦૧૫' એનાયત થયો હતો. તેમને સને ૨૦૧૬નું 'હરીન્દ્ર દવે સ્મૃતિ પારિતોષિક' પૂ. મોરારિ બાપુના હસ્તે મળ્યું છે અને સને ૨૦૧૫નો 'ધનજીકાનજી ગાંધી ચંદ્રક' પણ જાહેર થયેલ છે. ત્યારે તેઓને ખૂબ ખૂબ અભિનંદન સહ શુભેચ્છાઓ.

● ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ, સુરત તા. ૧૧-૧૨-૨૦૧૬ના રોજ શ્રીમતી શાન્તાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ, અમરેલી ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ વસંતભાઈ પરીખના અધ્યક્ષસ્થાને અને અકાદમીના અધ્યક્ષ - કવિ ભાગ્યેશ જહાના અતિથિ વિશેષ પદે યોજાયો હતો જેમાં પ્રથમ બેઠકમાં કવિગણ કાલિન્દી બહેન પરીખ, હરજીવન દાફડા, પરેશ મહેતા, સ્નેહી પરમાર, કેતન કાનપરિયા, શિવજી રૂખડા, સ્નેહલ જોશી, પારૂલ ખપ્પર હાજર રહ્યા હતા. જયારે દ્વિતીય બેઠકમાં 'રમેશ પારેખની કવિતામાં ઊર્મિ અને વિચાર' વિષય પર ગીતકવિ વિનોદ જોશીએ તથા 'રમેશ પારેખનું ગઝલકર્મ' વિષય પર સાહિત્યકાર ડૉ. નીતિન વડગામાએ વકતવ્યો આપ્યાં હતા. આ પ્રસંગે 'રમેશ પારેખની સ્મૃતિનો સળવળાટ' ભાવકોના હૃદયને સ્પર્શી ગયો હતો.

એચ.ટી. પારેખ કન્વેન્શન સેન્ટર, વસ્ત્રાપુર, અમદાવાદ ખાતે તા. ૧૬-૧૨-૨૦૧૬ના રોજ; પ્રા. રામલાલ પરીખ (૧૯૨૭-૧૯૯૯) સ્મૃતિ વ્યાખ્યાન, પી.જે. દિવેટીયાના અધ્યક્ષસ્થાને અને આંતરરાષ્ટ્રીય અર્થશાસ્ત્રી ડૉ. વાય.કે.અલઘની વિશેષ ઉપસ્થિતિમાં યોજાઈ ગયું; જેમાં લેખક, રાજનીતિજ્ઞ અને ચિંતક પવનકુમાર વર્માએ 'વૈશ્વિક દુનિયામાં ભારતીય હોવું' જેવા વિચારમૂલ્ય વિષય પર તેઓનું સાંપ્રત સંદર્ભો સાથેનું વકતવ્ય આપ્યું હતું.

વાચરમંચ દ્વારા, સ્મિત પારેખ સાહિત્યલેખન, સ્પર્ધા-૨૦૧૬ના વિજેતાઓને પુરસ્કૃત કરવા, મૂર્ધન્ય સાહિત્યકાર ભગવતીકુમાર શર્માના અધ્યક્ષસ્થાને અને કર્મશીલ સાહિત્યકાર હિમાંશી શેલતની ઉપસ્થિતિમાં તા. ૧૮-૧૨-૨૦૧૬ના રોજ સમારંભ યોજાઈ ગયો, જેમાં જનક નાયક, સ્પર્ધાના નિર્ણાયકો ગિરિશ ભટ્ટ, નટવરભાઈ પટેલ, સંધ્યા ભટ્ટ ઉપરાંત મેને. ટ્રસ્ટી અ.હિ. બૃદદ, સુરત; અનંતા પરીખ ઉપસ્થિત રહ્યા હતા.

- muljibhaidadhi@gmail.com